**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૬૫ ટકા

# આજે ધનતેરસ : લક્ષ્મીપૂજન અને ધનવન્તરી પૂજનનો સંયોગ

ગાંધીનગર, તા.૨૪

દિવાળીના તહેવારમાં મહત્વની ગણાતી તિથી એટલે ધનતેરસ. જેની ઉજવણી ભગવાન વિષ્ણુ દ્વારા સૃષ્ટિને કરાવવામાં આવેલ. લક્ષ્મીજીના દર્શન તથા ભગવાન ધનવન્તરીના જન્મના દિવસના મહત્વને લઈને ધનતેરસ ઉજવવામાં આવે છે. આ દિવસને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. આજના દિવસે વણજોયું મુર્હુત કહેવાતું હોવાથી શહેરીજનો આજે ખાસ સોના ચાંદી તથા કિંમતી વસ્તુઓની ખરીદી કરશે. સાથે ધન અને લક્ષ્મીપૂજા કરશે.





ધનતેરસના દિવસ માટે કહેવાય છે કે ભગવાન વિષ્ણુ દ્વારા સમગ્ર સૃષ્ટિને લક્ષ્મીજીના દર્શન કરાવવામાં આવ્યા હતા જેને કારણે દિવસે લક્ષ્મીજીની પૂજા દરેક ઘરોમાં થાય છે આ ઉપરાંત ભગવાન ધન્વન્તરિનો પ્રાગટય દિવસ અને તે દિવસે તે હાથમાં અમૃત ભરેલો કળશ લઈને જન્મયા હતા જે કારણે આ દિવસે વાસણ કે ધાતુ ખરીદવાની માન્યતા છે તથા અમૃતમંથન દરમિયાન ઔષધિ લાવવાવાળા ભગવાન ધનવન્તરીની યાદમાં ભારત સરકાર દ્વારા ધનતેરસને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ધનતેરસના દિવસો ધનપૂજનનું વિશેષ મહત્વ હોવાથી ભાવિકો મહાલક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત કરવા દિવસ દરમિયાન યથા શકિત લક્ષ્મીપૂજન કરે છે. લક્ષ્મી પૂજનમાં પૈસા, સોના ચાંદીના દાગીના પણ મુકવામાં આવે છે. આ ઉપરાંત પુષ્યનક્ષત્રની જેમ ધનતેરસના દિવસે સોનું-ચાંદી ખરીદવાનો પણ વિશેષ ટ્રેન્ડ છે. આમ દિવાળી પર્વની શરુઆતે ધનતેરસના દિવસનો મહિમા લક્ષ્મી પૂજનના લીધે સવિશેષ છે. લક્ષ્મીકૃપા અને તંદુરસ્તી માનવજીવનને સુખ સમૃધ્ધિ અર્પવા અત્યંત મહત્વની છે. માટે જ આ દિવસે ધનવન્તરી પૂજન અને લક્ષ્મીપૂજન કરી ભાવિકો ધન્યતા અનુભવે છે. જીવનમાં આધિ-વ્યાધિ ઉપાધિ દૂર કરવા અને તન મન ધનથી સુખી થવાના ભાવ સાથે ઘરે ઘરે પૂજનવિધિ થાય છે.

## સે-૭ શાકમાર્કેટમાંથી વડીલના ખીસ્સામાંથી મોબાઈલની ચોરી

શહેરના સેકટર-૭ શાકમાર્કેટમાં શાકભાજીની ખરીદી કરવા ગયેલા એક નાગરીકના ખીસ્સામાંથી મોબાઈલની ચોરી થવા પામી છે. સેકટર-૨ બી ખાતે રહેતા અને ટયુશન કલાસીસ ચલાવતા મહેન્દ્રભાઈ ધુળાભાઈ પટેલ (ઉં.વ.૫૨)સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે તે મુજબ ૧૫ ઓકટોબરના રોજ તેઓ સેકટર-૭ શાક માર્કેટમાં શાકની ખરીદી કરવા ગયા હતા.તે સમયે તેમના ખિસ્સામાંથી પડેલો મોબાઈલ કોઈ ઉઠાવી ગયુ હતું. મોબાઈળના કવરમાં બેંકનું એટીએમ કાર્ડ પર હતું.તે સમયે તેઓએ આસપાસ તપાસ કરતા મોબાઈલ મળ્યો ન હતો. તેઓએ વૈષ્ણોદેવી ફરવા જવાનું હોવાથી તે સમયે તેમણે ફરીયાદ કરવાનું માંડી વાળ્યું હતું. જો કે હવે તેઓએ મોબાઈલ અને એટીએમ ચોરી અંગે સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## ચ માર્ગ પર સરકારી ગાડીની અડફેટે સ્કુટી ચાલક વડીલનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના માર્ગો પર વાહનચાલકો રોકેટ ગતિએ ચલાવે છે. જેને પગલે માર્ગો પર નાના મોટા અકસ્માત સર્જાય છે. ત્યારે ગાંધીનગર શહેરના ચ માર્ગ પર લાયબ્રેરી તરફ જવાના કટ પાસો બપોરના સુમારે સરકારી સુમોએ સ્કુટી પેપને અડફેટે લીધુ હતું. જેને પગલે સ્કુટી પર સવાર વડીલ માર્ગ પર નીચે પટકાયા હતા. વડીલનો મોંઢાના તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેઓને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા જયા સારવાર દરમિયાન તેઓનું મૃત્યું નિપજયું હતું.

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૭ બી પ્લોટ નં.૪૯૨-૨ ખાતે રહેતા મધુકર ગુલાબરામ જોશી નિવૃત જીવન ગુજારતા હતા. ગુરુવારના રોજ બપોરના ચાર વાગ્યાના અરસામાં તે પોતાનું તેમનુ સ્કુટી પેપ લઈને ચ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા.તે સમયે કૃષિ વિભાગની સરકારી ગાડી જી.જે.૧૮.જી.એ.-૨૭૬૬ નંબરના ચાલકે સ્કુટીને ટક્કર મારી હતી. જેમાં મોઢા તેમજ માથાના ભાગે ઈજા પહોંચતા મધુકરભાઈને ૧૦૮ દ્વારા તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માતને પગલે મૃતકના પુત્રી પિનાબેન જોષીની ફરીયાદને પગલે સે-૭ પોલીસે ગાડીના ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મૃતક મધુકરભાઈના પુત્રી પિનાબેન જોશી ગાંધીનગર સિવિલમાં આર્યુવેદિક વિભાગમાં ડોકટર તરીકે ફરજ બજાવે છે. ત્યાં સિવિલમાં ફરજ પર હાજર હતા ત્યારે તેમના પર તેમના પિતાજીના ફોન પરથી ૧૦૮ ના સ્ટાફે તેમને ફોન કર્યો હતો અકસ્માત અંગે જાણ કરી હતી. જેને પગલે તેઓ દોડીને સિવિલમાં તાત્કાલીક વિભાગમાં આવી પહોચ્યા હતા ત્યારે તેમના પિતા મૃત હાલતમાં મળ્યા હતા.

## વલાદમાંથી જુગાર રમતા પાંચ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા વલાદ ગામે ચકલીપુરાવાસ પાસે જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે પકડી પાડ્યા છે. ડભોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.આર. રાઠોડની ટીમના કોન્સ્ટેબલ કિરણકુમારને બાતમી મળી હતી કે ચકલીપુરાવાસમાં તરફ જવાના આરસીસી માર્ગ પર સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમાય છે. જેને પગલે ડભોડા પોલીસે રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં રેઈડ પાડીને જુગાર રમી રહેલા વલાદ ગામના જ ગૌરાંગ ભાનુભાઈ વ્યાસ (વ્યાસવાડો), ભુરા બેચરજી ઠાકોર (ચકલીપુરાવાસ), વિરેન્દ્ર દિલિપકુમાર ખાંટ (રાજવાડોવાસ), વિશાલ કનુભાઈ પ્રજાપતિ તેમજ જશુ ઉર્ફે જેટી ઈશ્વરજી ચૌહાણ ને પકડી પાડ્યા હતા.

પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૫,૪૫૦ રોકડા અને પાંચ મોબાઈલ મળી કુલ રૂ.૧૯,૯૫૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી પાંચેય શખ્સો સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સેકટર-૫ વસાહત મંડળનો ગટર-પાણીનો પ્રશ્ન કયારે હલ થશે?

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૫ બી ખાતે છેલ્લા ચાર માસથી ગટરો ઉભરાઈ રહી છે. ગટરોનો ગંદા પાણી બહાર આવેલી ચોકડીમાં બેક મારે છે. સ્થાનિક નાગરીકો દ્વારા સે-૩ ડ્રેનેજ ઈન્કવાયરીના કર્મચારીઓ જવાબ આપે છે કે ખ માર્ગ ની મેઈન ગટરો બેસી ગઈ છે. તેથી સેકટરોની ગટરો ઉભરાતી રહે છે. ગટરો ઉભરાતી હોવાને પગલે મચ્છરોનો ત્રાસ વધી જતા નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. જયારે મચ્છરોને પગલે ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. જયારે ગટરના પાણી દુર્ગંધ મારતા હોવાથી નાગરીકોએ મો પર રૂમાલ રાખવાની ફરજ પડી છે. તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા તંત્રના કાને સ્થાનિક નાગરીકોની રજુઆત સંભળાતી નથી. નાગરીકો ના છુટકે અસહ્ય ગંદકી વચ્ચે રહેવા માટે મજબુર બન્યા છે.

બીજીતરફ છેલ્લા કેટલાક સમયથી પાણીનો ફોર્સ પણ ધીમો આવતો હોવાથી પાણી જોઈએ તેટલી માત્રામાં મળતુ નથી. નાગરીકો બહાર ચોકડીમાંથી પાણી ભરે છે. પરંતુ ચોકડીમાં ગટરોના ગંદા પાણીને પગલે ત્યાંથી પાણી ભરાતુ નથી. જેથી કરીને તહેવારના દિવસોમાં નાગરીકોને ટેન્કર મંગાવવાની ફરજ પડે છે. ગટર પાણીના પ્રશ્ને તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી છે તેમ છતા તંત્ર દ્વારા કામચલાઉ વ્યવસ્થા પણ ઉભી કરાઈ નથી.ત્યારે પાણી અને ગટરના પ્રશ્ને તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લેવાય અને નાગરીકોને રાહત મળે તેની રાહ જોઈને સેકટર-૫ ના નાગરીકો બેઠા છે.



શહેરના બ્રહ્મ અગ્રણી અને એડવોકેટ ઉપરાંત ઈન્ટરનેશનલ બ્રાહ્મણ પાર્લામેન્ટના નેશનલ સેક્રેટરી અશ્વિન ત્રિવેદીએ રાજસ્થાનના રાજયપાલ કલરાજ મિશ્રાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને તેમનું અભિવાદન કર્યુ હતું.

# સાયન્સ સિટી ખાતે નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો

### જુનાગઢની એકલવ્ય સ્કૂલની એંજલ કાછડિયા વિજેતા : આગામી છઠ્ઠી નવેમ્બરે ગુવાહાટી ખાતે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનૉલોજી (ગુજકોસ્ટ) દ્વારા નેશનલ કાઉન્સીલ ઓફ સાયન્સ મ્યુઝિયમ ના સહયોગ થી ધો. ૮થી ૧૦ ના વિધાર્થીઓ માટે સાયન્સ સિટી અમદાવાદ ખાતે નેશનલ સાયન્સ સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું . આ સેમિનાર નો હેતુ વિજ્ઞાનની જિજ્ઞાસા વધારવી અને વિદ્યાર્થીઓમાં વિશ્લેષણાત્મક પ્રશ્નોને પ્રોત્સાહન આપવાનો હતો. આ સેમિનારમાં યોજાયેલી પ્રેઝન્ટેશન સ્પર્ધામાં રજુ કરાયેલા જુનાગઢની એકલવ્ય સ્કુલની એંજલ કાછડિયાના પ્રેઝન્ટેશનને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. જે હવે નેશનલ સાયન્સ સેમિનારમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. આ સેમિનારમાં ૧૮૦ થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને રાજયના જિલ્લા આધારિત કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયોજકોએ ભાગ લીધો હતો.

દર વર્ષે ગુજકોસ્ટ દ્વારા ગુજરાતની શાળાના વિદ્યાર્થીઓ માટે ખાસ થીમ અને ટોપીક આધારિત નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવે છે. ૨૦૧૯માં ધો. ૮થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સાયન્સ સેમિનાર નો ટોપીક " પિરિયોડિક ટેબલ ઓફ કેમિકલ એલિમેંટ : ઈમ્પેક્ટ ઓફ હ્યૂમન વેલ્ફેર" – "રસાયણિક તત્વોના સામાયિક ટેબલ : માનવ કલ્યાણ પર અસર"હતો.




ઓગસ્ટ માસમાં યોજાયેલા સેમિનારમાં રાજયભરની કુલ ૬૯૭ શાળાઓ ના ૯૧૧ વિધાર્થીઓ (૪૭૪ છોકરાઓ અને ૪૩૭ છોકરીઓ ), ૭૪૪ શિક્ષકો એ ૩૩ જિલ્લાઓ ના તે સ્થળના કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે ભાગ લીધો હતો. આ પૈકી ૬૬ વિધાર્થીઓ (૩૪ છોકરાઓ અને ૩૨ છોકરીઓ) ને સ્ટેટ લેવલ નેશનલ સાયન્સ સેમિનાર પ્રોગ્રામમાં ભાગ લેવા માટે આમંત્રિત કરાયા હતા.

વિદ્યાર્થીઓએ પ્રેઝન્ટેશન તૈયાર કર્યું હતું અને માનવજાત પર અસર કરતાં પિરિયોડિક ટેબલ ના વિવિધ ઘટકોની ચર્ચા કરી હતી. રસાકસી ભરેલ સ્પર્ધામાં જુનાગઢની એકલવ્ય પબ્લિક સ્કૂલ ની એંજલ કછડિયા પ્રથમ સ્થાને વિજેતા બની હતી. ઉપરાંત ભૂમિ કડાકીયા (મધર ઓફ હોપ સ્કૂલ આશાધામ, વલસાડ ), દેવાંશ છેલાણી (સેંટ ઝેવિયર્સ સ્કૂલ અમદાવાદ), મિતલ પરમાર (એલએનબી દલિયા હાઈસ્કૂલ, સૂરત ) રાજ્ય કક્ષાએ વિજેતા બન્યા હતા. એંજલ હવે ૬ નવેમ્બર ૨૦૧૯ ના રોજ ગુવાહાટી ખાતે યોજાનાર નેશનલ સાયન્સ સેમિનાર માં ભાગ લેશે.

રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતા વિદ્યાર્થીઓને અનુક્રમે રૂ. ૧૦,૦૦૦, રૂ ૭૫૦૦, અને રૂ.૫૦૦૦ નું રોકડ ઈનામ ઉપરાંત દરેક ભાગ લેનારને સર્ટિફિકેટ અને ૧ વર્ષ માટે સફારી મેગેઝીનના લવાજમની ભેટ અપાઈ હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ગુજકોસ્ટના અડવાઈઝર ડો. નરોત્તમ સાહુ અને સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેકટર શ્રી એસ.ડી. વોરા એ વિદ્યાર્થીઓને ઈનામ અને સર્ટિફિકેટ આપ્યા હતા.

## જૈન સોશિયલ ગૃપ દ્વારા દિવાળી નિમિત્તે ગરીબોને મીઠાઈ વિતરણ




ગાંધીનગર, તા.૨૪

દિવાળી નજીક છે ત્યારે શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા શહેરના વિવિધ જરૂરિયાતમંદોને જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આમ જ શહેરની અગ્રેસર સંસ્થા જૈન સોશિયલ ગ્રુપ ગાંધીનગર દ્વારા દિવાળીના તહેવારને અનુલક્ષીને શહેરમાં વિવિધ ઝુંપડપટ્ટીના કુલ ૬૦૦થી વધુ કુટુંબોને મીઠાઈ અને નમકીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. શુધ્ધ ઘીની મીઠાઈ બનાવવા માટે સંસ્થાના પૂર્વ પ્રમુખ આર.ડી. ગાંધીનું વિશેષ યોગદાન રહ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મધુસુદન વોરા, મંત્રી ભરતભાઈ કોટડીયા, કૌશિકભાઈ શાહ, કેતનભાઈ દેવાણી, આર.ડી. ગાંધી, અરવિંદભાઈ શાહ,જાગૃતિબેન સંઘવી, છાયાબેન શાહ, નિતિકાબેન શાહ, નિરજ દોશી, રિતેશ શાહ, સ્નેહલ શાહ, ધીરેનભાઈ વોરા, નિમેષભાઈ શાહ તથા તમામ કારોબારી સભ્યો, પૂર્વ પ્રમુખો સભ્યોના કુટુંબીજનોએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

## દિવાળી વેકેશનમાં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે 'સાયન્સ ટેલેન્ટ વર્કશોપ'નું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જે અંતર્ગત દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓ રજાઓનો સદુપયોગ કરીને વિજ્ઞાન ક્ષેત્રે કંઈક નવું શીખે તે હેતુથી 'સાયન્સ ટેલેન્ટ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ આગામી તા. ૫મી નવેમ્બરથી ૮મી નવેમ્બર દરમિયાન દરરોજ સવારે ૯ થી ૧૧.૩૦ કલાક દરમિયાન સે-૨૩માં ઘ ટાઈપ, બ્લોક નં. ૬૧/૧ ખાતે યોજાશે. જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાનના આશરે ૫૦ જેટલાં વર્કિંગ મોડેલ બનાવતા શિખવાડવામાં આવશે.

સાયન્સ ટેલેન્ટ વર્કશોપમાં આઈઆઈટી ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાનના પાયાના સિધ્ધાંતો સમજી શકે તે હેતુથી વિવિધ વર્કિંગ મોડેલ્સ બનાવતાં શિખવાડવામાં આવશે જેને બાળકો સરળતાથી સમજી શકે. ઉપરાંત વર્કશોપમાં વિદ્યાર્થીઓને પ્રિય એવા મોડેલ રોકેટરી વર્કશોપ, એરોમોડેલિંગ વર્કશોપ, મેચસ્ટિકસ મોડેલ મેકિંગ વર્કશોપ, ઓરીગામી વર્કશોપ, રોબોટિકસ વર્કશોપ ટેનગ્રામ વર્કશોપ જેવા વિવિધ વર્કશોપ્સ પણ યોજાશે. સાયન્સ ટેલન્ટ વર્કશોપમાં શહેરના ૧૦ થી ૧૫ વર્ષની વય સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે જે માટે વધુ માહિતી મેળવવા નિસર્ગ સાયન્સ સેન્ટરના કાર્યાલય ખાતે રૂબરૂ અથવા મો.નં. ૯૪૨૬૪ ૫૧૧૦૨ અથવા ૯૦૯૯૩ ૮૨૯૩૬ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

- **હાઉસફુલ ૪** ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૧૦, ૧.૧૦, ૨.૧૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૪૦, ૧૦.૪૦, ૧૧.૨૦
- **મેડ ઈન ચાયના** ૧૦.૩૦, ૪.૩૦, ૮.૩૦, ૧૦.૩૦
- **સાંડ કી આંખ** ૧.૨૦, ૫.૨૦, ૭.૨૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

- **હાઉસફુલ ૪** ૮.૩૦, ૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૨.૨૦, ૩.૦૫, ૪.૩૫, ૬.૧૦, ૭.૪૦, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૪૫
- **મેડ ઈન ચાયના** ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૫, ૧૦.૫૫
- **સાંડ કી આંખ** ૯.૪૦, ૧૨.૪૫, ૭.૨૫, ૧૦.૩૦
- **જોકર** ૧૧.૩૫

## દિપાવલી-બેસતાવર્ષે હવેલી મંદિરમાં દર્શનનો સમય

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર વૈષ્ણવ સમાજના માનદમંત્રી રસિકભાઈ ગાંધીએ જણાવેલ છે કે દિપાવલી બેસતાવર્ષ-નૂતનવર્ષ નિમિત્તે હવેલી મંદિર સેકટર-૨૧ ખાતે દર્શનનો સમય આ પ્રમાણે રહેશે.

દિપાવલી તા. ૨૭-૧૦-૨૦૧૯ને રવિવારના રોજ મંગળા સવારે ૫.૩૦ થી ૬.૦૦, શૃંગાર ૯ થી ૯.૩૦, રાજભોગ ૧૧ થી ૧૧.૩૦, ઉત્થાપન સાંજે ૪ થી ૪.૦૫, સંધ્યાઆરતી ૪.૩૦ થી ૫.૦૦ અને શયન આરતી ૬.૦ થી ૬.૩૦ દરમિયાન યોજાશે.

બેસતુંવર્ષ-નૂતનવર્ષ તા. ૨૮-૧૦-૨૦૧૦ના રોજ મંગળા સવારે ૬ થી ૬.૩૦, શૃંગાર ૯.૩૦ થી ૧૦.૦૦, રાજભોગ ૧૧.૦૦ થી ૧૧.૩૦, ઉત્થાપન ૪ થી ૪.૦૫, સંધ્યાઆરતી ૪.૩૦ થી ૫.૦૦ જયારે શયન આરતી સાંજે ૬ થી ૬.૩૦ દરમિયાન યોજાશે.

## વિશ્વકર્મા મંદિરમાં અન્નકૂટ તથા નૂતનવર્ષની શુભેચ્છાઓ યોજાશે

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ સેકટર-૧૨ ગાંધીનગરમાં શ્રી વિશ્વકર્મા દાદા તેમજ મા રાંદલને તા. ૨૭મી ઓકટોબરના દિવાળીના શુભ દિવસે અન્નકૂટ ધરાવવામાં આવશે. અન્નકૂટ દર્શનનો લાભ સવારે સાડા નવથી સાડા બાર વાગ્યા સુધી રહેશે. નૂતનવર્ષની શુભેચ્છાઓ તા. ૨૮મી ઓકટોબરના સોમવારે સાડા નવથી બાર વાગ્યા સુધી પાઠવવામાં આવશે. પ્રમુખ બીપીનભાઈ ગજ્જર તથા કારોબારી સભ્યોએ સર્વે જ્ઞાતિબંધુઓને પધારવા આમંત્રણ પાઠવેલ છે.

## સંતવાણી એવોર્ડ ૨૦૧૯ની અર્પણવિધિ ૧૪મી નવેમ્બરે યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતના પ્રાચીન ભજન સાહિત્ય (સંતવાણી) ના ગાયકો-વાદકો જેમણે આ પવિત્ર સંસ્કાર સરવાણીને વહેતી રાખી છે. જેઓ આજીવન ગાન ઉપાસના દ્વારા સેવા આપી રહ્યા છે તેમને સંતવાણી એવોર્ડથી સન્માનવામાં આવશે. સાંધ્યગોષ્ઠિમાં 'ભજન વિચાર'ના વકતવ્યો આપવામાં આવશે.રાત્રે ભજનિકો દ્વારા સંતવાણી રજુ થશે.

તા.૧૪મી નવેમ્બરના સાંજે ત્રણ વાગે રવજી રોકડનાથ સંપ્રદાયની વાણી સંતવાણીના સર્જક સંત કવિ રવિસાહેબ ભજન સ્વરૂપ વિચાર બંગલો હાટડી, રૂપકાત્મક ભજનો આ કાર્યક્રમમાં સુશ્રી દર્શના ધોળકિયા, શ્રી દલપતભાઈ પઢિયાર, શ્રી નિરંજન રાજયગુરુ આપશે.